# વનકર્મીઓનો કાળી પટ્ટી બાંધી વિરોધ

**વર્ષોથી** પડતર પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે આંદોલન બીજા તબક્કામાં પ્રવેશ્યું

સાપુતારાઃ ગુજરાત રાજ્ય વનરક્ષક કર્મચારી મંડળ દ્વારા વિવિધ પડતર પ્રશ્નોના ઉકેલ માટે શરૂ કરવામાં આવેલું આંદોલન હવે બીજા તબક્કામાં પ્રવેશ્યું છે. આ આંદોલનના ભાગરૂપે ડાંગ જિલ્લામાં વન વિભાગના કર્મચારીઓએ પોતાની ફરજ યથાવત્ રાખીને ખાખી વર્દી પર કાળી રિબન બાંધીને શાંતિપૂર્ણ રીતે વિરોધ દર્શાવ્યો હતો.

વનકર્મીઓએ સ્પષ્ટ કર્યું હતું કે જવાબદારી નિભાવતા કર્મચારીઓ પોતાની નિષ્ઠા અડગ રાખીને ફરજ બજાવી રહ્યા છે, પરંતુ તેમની લાંબા સમયથી પડતર માંગણીઓ પ્રત્યે સરકાર અને જવાબદાર તંત્રનું ધ્યાન દોરવા આ પગલું ભરવામાં આવ્યું છે. આ પ્રસંગે ડાંગ જિલ્લા વનરક્ષક કર્મચારી મંડળના પ્રમુખ હકમભાઈ રબારીએ જણાવ્યું હતું કે, ખાખી વર્દી પર કાળી પટ્ટી બાંધતાં અમારો જીવ અચકાય છે, કારણ કે ખાખી અમારું ગૌરવ અને ઓળખ છે. આ કાળી પટ્ટી કોઈ વ્યક્તિ કે સરકાર સામેનો વિરોધ નથી, પરંતુ અમારું ધ્યાન દોરવાનો પ્રયાસ અને અમારી વેદનાનું પ્રતીક છે.



ગિરીશ ભોયે

### વન વિભાગના કર્મચારીઓની કામગીરી

- જંગલની જમીન પરનું દબાણ રોકવું
- લાકડાંની તસ્કરી અટકાવવી.
- પગપાળા કે વાહન દ્વારા પેટ્રોલિંગ
- વન્યજીવોનો શિકાર અટકાવવો
- ઇજાગ્રસ્ત વન્ય જીવોની સારવાર
- માનવ વસાહતમાં ઘૂસેલા પશુનું રેસક્યું
- વન્યજીવ ગણતરી
- ‘ફાયર લાઈન’ તૈયાર કરવી.

### વનકર્મીઓની માંગણી

**ગ્રેડ-પે વધારોઃ** વનરક્ષક (Forest Guard) અને વનપાલ (Forester) ના પગારના ગ્રેડ-પેમાં સુધારો કરીને અન્ય સમકક્ષ વિભાગો (જેમ કે પોલીસ વિભાગ) જેટલો કે તેથી વધુ કરવાનો આગ્રહ.

**રજા અને ઓવરટાઇમ ભથ્થું:** ૨૪ કલાકની ઓન-ડ્યુટી અને રજાના દિવસોમાં પણ કામગીરી બજાવવી પડતી હોવાથી જાહેર રજાઓનું ભથ્થું, વળતર રજા (Compensatory Leave) અથવા રજાના પગારનું યોગ્ય વળતર આપવાની માંગ.

**જોખમ ભથ્થું:** જંગલ અને વન્યજીવોના રક્ષણ માટે દુર્ગમ વિસ્તારોમાં કામ કરવું પડતું હોવાથી તેમને યોગ્ય જોખમ ભથ્થું તેમજ વોશિંગ અને યુનિફોર્મ ભથ્થું પૂરું પાડવું.

**સમયસર બઢતી:** વનરક્ષકમાંથી વનપાલ અને ત્યારબાદ આગળના હોદ્દાઓ પર સમયસર પ્રમોશનની પ્રક્રિયા હાથ ધરવી.

**સરકારી સેવાની અન્ય સુવિધાઓ:** રહેઠાણ માટે સરકારી ક્વાર્ટર, જંગલ વિસ્તારમાં પેટ્રોલિંગ માટે વાહન-હથિયાર સુવિધા અને ફરજ દરમિયાન શહીદ થનાર અથવા ઘાયલ થનાર વનકર્મીના પરિવારને યોગ્ય વળતર અને રહેમરાહે નોકરી આપવાની માંગણી.

# નવસારી મનપામાં વર્ગ-4ના 700 કર્મી હડતાળના મૂડમાં

**30 દિવસનો પગાર, હક્ક રજા અને સર્વિસ બુક સહિતની માંગણીઓનો ઉકેલ નહીં**

**12 ઓક્ટોબરથી કામકાજ ઠપ્પ કરવાની ચીમકી**

નવસારી: નવસારી મહાનગરપાલિકામાં વર્ષોથી ફરજ બજાવતા વર્ગ-4ના કર્મચારીઓની પડતર માંગણીઓ હવે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહી છે. લાંબા સમયથી વિવિધ પ્રશ્નો અંગે રજૂઆતો છતાં નિરાકરણ ન આવતા 700થી વધુ કર્મચારીઓ 12 ઓક્ટોબરથી હડતાળ પર ઉતરવાની તૈયારીમાં હોવાનું સામે આવ્યું છે. કર્મચારીઓના આ સંભવિત આંદોલનથી દિવાળી પહેલાં જ મનપાની સફાઈ સહિતની કામગીરી સામે મોટો પડકાર ઊભો થવાની શક્યતા છે.

કર્મચારીઓની સૌથી મહત્ત્વની માંગ વર્ષોથી સેવા આપતા રોજમદારોને કાયમી કરવાની છે. સાથે જ 26 દિવસના બદલે પૂરા 30 દિવસનો પગાર, હક્ક રજાઓ તથા કર્મચારીઓની સેવાપોથી નિયમિત રીતે નિભાવવાની માંગ પણ કરવામાં આવી રહી છે. કર્મચારીઓનો સ્પષ્ટ મત છે કે વર્ષોથી સેવા આપતા કામદારોના પડતર પ્રશ્નોને હવે વધુ લંબાવવાને બદલે વાટાઘાટો દ્વારા સમયસર ઉકેલ લાવવામાં આવે. જો તંત્ર તરફથી યોગ્ય નિર્ણય નહીં આવે તો 12 ઓક્ટોબરથી હડતાળનું પગલું ભરવાની તૈયારી હોવાનું કર્મચારીઓ તરફથી જણાવાયું છે.

### 739 રોજમદારનો કોન્ટ્રાક્ટ મુદ્દો પણ ભડક્યો

જલાલપોર, વિજલપોર અને ગ્રામ્ય વિસ્તારોમાં ફરજ બજાવતા આશરે 739 રોજમદારોને કોન્ટ્રાક્ટ પ્રથામાં ધકેલવાના પ્રયાસનો કર્મચારીઓ વિરોધ કરી રહ્યા છે. વર્ષોથી મનપાની કામગીરીમાં જોડાયેલા આ કર્મચારીઓની સેવા સ્થિતિ અંગે સ્પષ્ટ નિર્ણય લેવાની માંગ ઊઠી છે.

### હડતાળ પડી તો દિવાળીમાં સફાઈ વ્યવસ્થાને ફટકો?

12 ઓક્ટોબરથી કર્મચારીઓ હડતાળ પર જાય તો દિવાળીના તહેવારો પહેલાં મનપાની સફાઈ, કચરા વ્યવસ્થાપન અને અન્ય આવશ્યક કામગીરી પર સીધી અસર થવાની શક્યતા છે. તહેવારો દરમિયાન શહેરમાં વધતા કચરાને કારણે સફાઈની કામગીરીનું મહત્ત્વ વધુ રહેતું હોવાથી મનપા તંત્ર સામે સ્થિતિ પડકારરૂપ બની શકે છે.

# કામધંધા બાબતના ઝઘડામાં નાના ભાઈએ મોટાભાઈને પતાવી દીધો

**આહવાના** ભવાનદગડમાં કૌટુંબિક કલહનો કરુણ અંત



સાપુતારાઃ આહવાના ભવાનદગડ ગામેમાં કામધંધો કરવા જેવી સામાન્ય બાબતામાં નાના ભાઈએ ગુસ્સામાં આવી મોટા ભાઈ પર કુહાડી વડે હિચકારો હુમલો કરી દીધો હતો. આ લોહિયાળ હુમલામાં ૨૮ વર્ષીય યુવકનું મોત નીપજ્યું છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી સત્તાવાર વિગતો અનુસાર, ભવાનદગડ ગામે રહેતા પવાર પરિવારના બે પુત્રો ગજેન્દ્રભાઇ રામચંદ્રભાઇ પવાર (ઉં.વ.૨૮) અને તેમનો નાનો ભાઇ રણજીતભાઇ (ઉં.વ.૨૬) સાથે રહેતા હતા. મૃતક ગજેન્દ્રભાઇ કોઈ ચોક્કસ કામધંધો કરતો ન હતો. બીજી તરફ રણજીતભાઈ મજૂરીનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ૬ ઓક્ટોબરે સાંજે રણજીતભાઈ દિવસભર મજૂરી કામ પતાવીને ઘરે પરત ફર્યા હતા. તે વેળાએ ઘરે હાજર મોટા ભાઈ ગજેન્દ્રભાઈને તેમણે નવરા બેસી રહેવાના બદલે પરિવારને આર્થિક મદદરૂપ થવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. આ બાબતે શરૂ થયેલી શાબ્દિક તકરારમાં આવેશમાં આવી ગયેલા રણજીતે ઉશ્કેરાટમાં આવી ધારદાર કુહાડી હાથમાં ઉપાડી ગજેન્દ્રભાઇ પર સીધો જીવલેણ હુમલો કરી દીધો હતો. કુહાડીના સપાટા વાગતાં ગજેન્દ્રભાઈ લોહીલુહાણ થઈને જમીન પર ઢળી પડ્યા હતા. ઘટના બાદ તુરંત જ પરિવાર અને સ્થાનિકોએ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરતાં આવેલી ટીમ તપાસ કરતાં ગંભીર ઈજાઓને કારણે ગજેન્દ્રભાઈનું મોત થયું હોવાનું જાણાયું હતું. આ લોહિયાળ બનાવ અંગે આહવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડીને ફરિયાદના આધારે ગુનો નોંધવાની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આહવા પોલીસે ઘટનાસ્થળનું નિરીક્ષણ કરી, ગુનામાં વપરાયેલું હથિયાર કબ્જે કરવા સહિત આરોપી સામે કડક કાનૂની પગલાં ભરવાની દિશામાં વધુ ઊંડાણપૂર્વકની તપાસ આરંભી છે.

# દંડેશ્વરમાં માછીમારી બાદ યુવકનો મૃતદેહ મળ્યો, બીજાનો પત્તો નહીં!

**રૂ.45** હજાર આપીને સાથી યુવકના મૃતદેહને ગામમાં મૂકી ગયાનો આક્ષેપ



નવસારીઃ દંડેશ્વર ગામમાં માછીમારી માટે ગયેલા બે યુવકો પૈકી એકનો મૃતદેહ રહસ્યમય સંજોગોમાં મળી આવતાં અને તેની સાથે ગયેલો બીજો યુવક હજુ સુધી લાપતા રહેતા પરિજનોએ સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ અને લાપતા યુવકની તાત્કાલિક શોધખોળ માટે નવસારી જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ, ગત 2 ઓક્ટોબરના રોજ કિરણભાઈ નામની વ્યક્તિ સતિષભાઈ પટેલ તથા નરેશભાઈ હળપતિને પોતાની સાથે માછીમારી માટે લઈ ગયા હતા. ત્યારબાદ 6 ઓક્ટોબરના રોજ સતિષભાઈનો મૃતદેહ દંડેશ્વર ગામમાં લાવવામાં આવ્યો હતો. પરિવારજનોના આક્ષેપ મુજબ, મૃતદેહ ગામમાં મૂક્યા બાદ કિરણભાઈ દ્વારા પરિવારને રૂ.45 હજાર આપવામાં આવ્યા હતા અને તેઓ ત્યાંથી નીકળી ગયા હતા. સૌથી ગંભીર બાબત એ છે કે સતિષભાઈ સાથે માછીમારી માટે ગયેલા નરેશભાઈ હળપતિનો હજુ સુધી કોઈ પત્તો મળ્યો નથી. એક યુવકનો મૃતદેહ મળ્યો અને બીજો ગુમ હોવાના કારણે પરિવારજનોમાં ચિંતા સાથે ઘટનાને લઈને અનેક આશંકાઓ ઊભી થઈ છે. સતિષભાઈનું મોત કયા સંજોગોમાં થયું? મૃતદેહ ગામ સુધી કેવી રીતે પહોંચ્યો? રૂ.45 હજાર શા માટે આપવામાં આવ્યા? અને નરેશભાઈ ક્યાં છે? જેવા સવાલોના જવાબ હવે પોલીસ તપાસમાં સામે આવવાના બાકી છે. પરિવારજનો દ્વારા એસ.પી. સમક્ષ સમગ્ર ઘટનાની તટસ્થ અને સઘન તપાસ કરવા, કિરણભાઈ સહિત સંબંધિત વ્યક્તિઓની પૂછપરછ કરવા, સતિષભાઈના મોતનું ચોક્કસ કારણ જાણવા તેમજ લાપતા નરેશભાઈ હળપતિની તાત્કાલિક શોધખોળ હાથ ધરવા માંગ કરવામાં આવી છે. ઘટનાની પોલીસ તપાસ બાદ જ સમગ્ર હકીકત સ્પષ્ટ થશે.

# સાપુતારામાં એશિયાની 5 સ્ટાર હોટલની મેમ્બરશિપના નામે લાખોની ઠગાઈ

**વંડરલેન્ડ** ટૂર્સ એન્ડ વેકેશન કંપનીએ 22 લાખ ઉઘરાવ્યા, પોલીસે 10 લાખ પરત અપાવ્યા

સાપુતારાઃ સાપુતારા પોલીસ સ્ટેશન ખાતે ‘વંડરલેન્ડ ટુર્સ એન્ડ વેકેશન પ્રા.લિ.’ ના માલિક અને કર્મચારીઓ વિરુદ્ધ ગ્રાહકો સાથે લાખો રૂપિયાની ઠગાઈ કરવા અંગેનો ગુનો નોંધાયો છે. વર્ષ ૨૦૨૪માં શરૂ થયેલી આ કંપની દ્વારા ભારત તથા એશિયાની ફાઈવ સ્ટાર હોટલોમાં ૫થી ૧૦ વર્ષની મેમ્બરશિપના નામે ગ્રાહકોને લોભામણી લાલચ આપવામાં આવતી હતી. ગ્રાહકોને દુબઈ, બાલી, કાશ્મીર સહિતના ડોમેસ્ટિક અને એશિયન ડેસ્ટિનેશન પર હોલિડે બુકિંગ કરાવવાની લોભામણી લાલચ આપી કુલ ૫૦ જેટલા ગ્રાહકો પાસેથી આશરે રૂ.૨૨,૦૨,૭૫૦ ની રકમ મેળવી લેવામાં આવી હતી. જોકે, કંપનીએ મેમ્બરશિપ મુજબની સુવિધાઓ કે રિફંડ રકમ ન આપીને છેતરપિંડી આચરી હતી. આ મામલે વડોદરાના પ્રતીકભાઈ ચૌહાણે કંપનીના માલિક નિલેશભાઈ આહીરે, કર્મચારીઓ મિતભાઈ શાહ, પૂજા શર્મા (રહે., નાશિક) અને જયદીપ શેટ્ટી (રહે. મુંબઈ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. સાપુતારા પોલીસ મથકના પી.આઈ. જે.કે. બારીયાની ટીમે ૧૯ જેટલા ગ્રાહકોના કુલ રૂ.૧૦,૦૪,૯૯૮ જેટલા નાણાં રિફંડ તરીકે પરત અપાવ્યા છે. ડાંગ પોલીસે અન્ય કોઈ ભોગ બનનાર ગ્રાહકને પણ સાપુતારા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા અપીલ કરી છે.

### નવનિર્મિત નાનાપોંઢા તાલુકા

# કોંગ્રેસ સમિતિની રચના માટે મળેલી બેઠક વિવાદમાં

**બે** તાલુકા પંચાયત સભ્યો, સરપંચો, માજી સરપંચોએ સમિતિની ફરી રચના કરવા સહિતના અનેક મુદ્દે જિલ્લા કોંગ્રેસને આવેદનપત્ર આપ્યું

વલસાડઃ નવ નિર્મિત નાનાપોંઢા તાલુકા કોગ્રેસ સમિતિની રચના માટેની ગત 3 ઓક્ટોબરે મળેલી બેઠક વિવાદમાં ઘેરાઈ છે. નાનાપોંઢા તાલુકા કોગ્રેસ સમિતિની પુન રચના નવા તાલુકા પ્રમુખની નિમણૂક સહિત અનેકવિધ મુદ્દાઓ સાથે સુખાલા બેઠકના સભ્ય કુંજાલી પટેલ, લવાછા બેઠકના સભ્ય નિકિતા આહિર મહિલા કોગ્રેસ પ્રમુખ આશાબેન ભોયા સહિત કેટલાક વર્તમાન સરપંચો,માજી સરપંચો,આગેવાનોની સહી સાથે વલસાડ જિલ્લા કોગ્રેસ પ્રમુખ કિશન પટેલને આવેદનપત્ર આપી રજૂઆત કરી છે જેને લઈ કોગ્રેસ માં કમઠાણ સર્જાયું છે. ઉમેદવારો સાથે સંપર્ક અને સંકલન કરાયું ન હતું,જેને લઈ કોગ્રેસની છબી ખરાબ થઈ હતી. અને તાલુકાની અન્ય બેઠકો ઉપર પણ એની નકારાત્મક અસર થઈ હતી.જેથી પક્ષના હિતમાં અને સંગઠનના ભવિષ્યને ધ્યાનમાં લઈ અમારી સામુહિક રજૂઆત ને ન્યાય આપવામાં આવે.

# ધરમપુર તા.પં.નાં મહિલા સભ્યના પતિ દારૂની બોટલ સાથે ઝડપાયા

**દમણથી** આવતી સ્વિફ્ટ કારમાં દારૂની બોટલ સાથે કલ્પેશ પટેલ સહિત ત્રણને પોલીસે દબોચ્યા


અમૃત પટેલ

પારડીઃ પારડી પોલીસે કલસર પાતલિયા ચેકપોસ્ટ પાસે વાહન ચેકિંગ દરમિયાન સ્વિફ્ટ ડિઝાયર કારમાંથી દારૂની ત્રણ બોટલ સાથે ત્રણ શખ્સને ઝડપી પાડ્યા હતા. જેમાં ધરમપુર તા.પં.ના મહિલા સભ્યના પતિ દારૂ સાથે ઝડપાતા રાજકારણ ગરમાયું છે.

પોલીસ પેટ્રોલિંગ દરમિયાન દમણ તરફથી આવતી સ્વિફ્ટ ડિઝાયર કાર (નં. GJ 15 CB 3771) શંકાસ્પદ રીતે હંકારીને આવતી જણાતા તેને અટકાવી તપાસ કરતાં ત્રણ શખ્સ દારૂની ત્રણ બોટલ સાથે ઝડપાયા હતા. આવી હતી. ઝડપાયેલા શખ્સોમાં કલ્પેશભાઈ અમૃતભાઈ પટેલ (રહે., મોટી ઢોલડુંગરી, ધરમપુર), હેમંતકુમાર રૂમસિંગભાઈ પટેલ, (રહે., મોટી ઢોલડુંગરી, ધરમપુર), કુલદિપસિંહ દિનેશભાઈ પઢીયાર (રહે., વાંકલ)નો સમાવેશ થાય છે. કલ્પેશભાઈ અમૃતભાઈ પટેલ ધરમપુર તાલુકા પંચાયતના પૂર્વ અપક્ષ સભ્ય રહી ચૂક્યા છે. હાલમાં તેમના પત્ની તાલુકા પંચાયતના સભ્ય તરીકે કાર્યરત હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવને પગલે સ્થાનિક રાજકીય વર્તુળોમાં પણ ચર્ચા શરૂ થઈ છે. પોલીસે કાર, દારૂ સહિત કુલ રૂ.2,02,424નો મુદ્દામાલ કરી ત્રણેય શખ્સ દારૂના નશામાં હોવાનું જણાતા તેમની મેડિકલ તપાસ માટે પારડી સીએચસી ખાતે મોકલવાની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે ત્રણેય વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ વધુ કાર્યવાહી હાથ ધરાઈ હતી.

### SIR પ્રક્રિયા અંગે નવસારી કોંગ્રેસની પુનઃચકાસણીની માંગ

નવસારીઃ મતદાર યાદીની SIR પ્રક્રિયા અને ચૂંટણી પદ્ધતિને લઈને નવસારી જિલ્લા કોંગ્રેસ દ્વારા કોઈપણ લાયક મતદાર મતાધિકારથી વંચિત ન રહે તે માટે પ્રક્રિયાની પારદર્શક રીતે પુનઃચકાસણી કરવાની માંગ કરી હતી. કોંગ્રેસે અગાઉ હાથ ધરાયેલી SIR કામગીરી અંગે પુનર્વિચાર કરી જરૂરી હોય ત્યાં નવેસરથી ચકાસણી કરવાની સાથે વધુ સ્પષ્ટતા રાખવા આગ્રહ કર્યો હતો. આ ઉપરાંત મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગ કરવામાં આવી હતી. પક્ષના આગેવાનોના જણાવ્યા મુજબ, માંગણીઓ અંગે યોગ્ય વિચારણા નહીં થાય તો આગામી દિવસોમાં લોકશાહી ઢબે કાર્યક્રમો યોજવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### VNSGU આંતર-કોલેજ કુસ્તી સ્પર્ધામાં KBS અને નટરાજ કોલેજની ગર્લ્સનો દબદબો



વાપીઃ વાપી ચણોદ કોલોની સ્થિત KBS અને નટરાજ કોલેજના વિદ્યાર્થીઓએ VNSGU, સુરત દ્વારા આયોજિત અને વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ બિઝનેસ, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ રિસર્ચ, ઉમરાખ દ્વારા યજમાની કરાયેલા VNSGU આંતર-કોલેજ કુસ્તી (ગર્લ્સ) સ્પર્ધામાં સિદ્ધિ હાંસલ કરી હતી. મેડલ વિજેતાઓમાં શિવાની યાદવ (S.Y.B.Sc. Chemistry) - ગોલ્ડ મેડલ; કૃતિકા મિશ્રા (T.Y.B.Sc. Microbiology) ગોલ્ડ મેડલ તેમજ અનુરાધા કુશવાહા, T.Y.B.Com. - સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો. કુસ્તીબાજોને તાલીમ ડો.મયુર પટેલ તેમજ રોહિત સિંઘ દ્વારા પૂરું પાડવામાં આવ્યું હતું. જે બદલ આચાર્યા ડો. પૂનમ બી.ચૌહાણ, મેનેજમેન્ટે ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે અભિનંદન પાઠવ્યા હતાં.

### આર.કે.દેસાઈ કોલેજ ઓફ સાયન્સનાં ઇ. પ્રિન્સિપાલ સુરભી ચૌધરીએ Ph.D.ની પદવી પ્રાપ્ત કરી



વાપી: આર.કે. દેસાઇ કોલેજ ઓફ સાયન્સ, વાપીના ઇન્ચાર્જ પ્રિન્સિપાલ સુરભી ચૌધરીએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) ના બાયોટેકનોલોજી વિભાગમાંથી “Diversity Study of Skin Mucous Microbiota of Fishes of Gujarat and Explore Their Potential as Biological Agents” વિષય પર પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય ડો. અંજલિ સોનીના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે. તેમના આ શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ બદલ કોલેજના કેમ્પસ ડિરેક્ટર ડો. મિત્તલ શાહ, ચેરમેન મિલન દેસાઈ તેમજ સમગ્ર અધ્યાપક મંડળે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

### ગણદેવીના ધનોરી ગામે એસ.ટી. બસની ટક્કરે બાઈકચાલક આધેડનું મોત

બીલીમોરાઃ ગણદેવીથી ખારેલ તરફ જતાં માર્ગ પર ધનોરી ગામના ડી.પી. ફળિયા ચાર રસ્તા પાસે બુધવાર સાંજે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. બીલીમોરાથી જોગવાડ જતી એસ.ટી. બસ (GJ-18-Z-7084)ના ચાલકે બસ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને મોટરસાઈકલ (GJ-21-BR-9016)ને અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં અમલસાડના રહીશ દર્શનકુમાર દિલીપભાઈ નાયક (ઉં.વ.૫૨)ને ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ગણદેવી પોલીસે બસના ચાલક દિવ્યેશભાઈ સોમાભાઈ પટેલ (રહે., વાંદરવેલા, વાંસદા) સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મૃતકને જીવિત બતાવી જમીનનો કથિત ખેલ!

**1999માં** માલિકનું મોત, છતાં 2005માં તેમના નામે પાવર ઓફ એટર્ની, એક આરોપી ઝડપાયો

**સુરતના** મોટા વરાછાના બિલ્ડર સહિત સાત સામે ગુનો



નવસારીઃ જલાલપોર તાલુકાના એરૂ ગામે કરોડો રૂપિયાની કિંમતી જમીનને લઈને ચોંકાવનારો કથિત જમીન કૌભાંડ સામે આવ્યું છે. જમીનના મૂળ માલિકનું વર્ષો અગાઉ અવસાન થઈ ચૂક્યું હોવા છતાં તેમને જીવિત દર્શાવી કથિત રીતે પાવર ઓફ એટર્ની ઊભી કરી જમીનના વ્યવહારો કરવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે જલાલપોર પોલીસે સુરતના મોટા વરાછાના બિલ્ડર મહેશભાઈ જયંતીભાઈ સાંગાણી સહિત સાત સામે ગુનો નોંધ્યો છે. આ કેસમાં મુકેશભાઈ મેંદપરા (રહે.,સુરત)ની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ ફરિયાદ મુજબ, એરૂ ગામની જમીનના મૂળ માલિક ચીમનલાલ કરશનજી દેસાઈનું વર્ષ 1999માં અવસાન થયું હતું. તેમ છતાં છ વર્ષ બાદ, એટલે કે વર્ષ 2005માં, તેમને જીવિત દર્શાવી તેમના નામે પાવર ઓફ એટર્ની તૈયાર કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. આ કથિત દસ્તાવેજના આધારે મુકેશભાઈ મેંદપરાએ જમીન પોતાના નામે કરાવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. જલાલપોર પોલીસે IPCની કલમ 420, 465, 467, 468, 471 અને 120(બી) હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. મુકેશભાઈ મેંદપરાની ધરપકડ થઈ છે, જ્યારે મહેશભાઈ જયંતીભાઈ સાંગાણી સહિત અન્ય આરોપીઓ સામે શોધખોળ અને તપાસ ચાલી રહી છે. કરોડોની જમીનના આ કથિત ખેલમાં મૃતકના નામે દસ્તાવેજો કેવી રીતે ઊભા થયા અને જમીનના વ્યવહારોની આખી કડી પાછળ કોની ભૂમિકા હતી, તે હવે પોલીસ તપાસમાં બહાર આવવાની છે. ફરિયાદમાં કરાયેલા આક્ષેપોની અંતિમ હકીકત તપાસ અને કોર્ટની કાર્યવાહી બાદ જ સ્પષ્ટ થશે.

### બોગસ દસ્તાવેજથી શરૂ થયેલો સોદો, જમીન અનેક હાથોમાં ફરી!

ફરિયાદ મુજબ, બાદમાં એરૂ ગામની બ્લોક નંબર 1890 અને 1891ની જમીન મહેશભાઈ જયંતીભાઈ સાંગાણીને વેચાણ દસ્તાવેજ મારફતે તબદીલ કરવામાં આવી હતી. ત્યારબાદ મહેશ સાંગાણીએ આ જમીન રમેશભાઈ રવજીભાઈ ભીમાણીને વેચી દીધી હોવાનો પણ આક્ષેપ છે. આ સમગ્ર વ્યવહારમાં મૂળ જમીન માલિકના વારસદારોને જાણ કર્યા વિના સરકારી રેકોર્ડમાં ફેરફાર નોંધો કરાવવામાં આવી હોવાનો ફરિયાદમાં ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. કથિત બનાવટી દસ્તાવેજોના આધારે જમીનનો કબજો અને માલિકી હક્ક બદલાવી આર્થિક લાભ મેળવવાનો પ્રયાસ થયો હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે.

### મુખ્ય સવાલો પોલીસ તપાસના કેન્દ્રમાં

- 1999માં મૃત્યુ પામેલા વ્યક્તિના નામે 2005માં પાવર ઓફ એટર્ની કોણે બનાવી?
- કથિત દસ્તાવેજના આધારે સરકારી રેકોર્ડમાં ફેરફાર કેવી રીતે થયો?
- જમીનના વેચાણ વ્યવહારોમાં કોણ-કોણ સામેલ હતું?


